સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ.
(ગુજરાત સરકારનું સંપૂર્ણ માલિકીનું સાહસ)
બ્લોક નં. ૧૨, પહેલો માળ, નવા સચિવાલય, ફેક્સ : ૦૭૯-૨૩૨૨૩૦૫૬
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦. (ગુજરાત રાજ્ય)

(59)

**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ધ્વારા ઔધોગિક હેતુસર નર્મદા નહેરમાંથી અપાતા પાણી અંગેની કાર્યપધ્ધતિ**

ઠરાવ ક્રમાંકઃસસનનિલિ/૧૧૦૩/૧૫/વો.મા.સેલ/ભાગ--૨,
તા.૧--૨--૦૮

સરદાર સરોવર નર્મદા નિગમ ધ્વારા ઔધોગિક હેતુસર નર્મદા નહેરોમાંથી પાણી આપવામાં આવે છે. ઔધોગિક અને વાણિજયક હેતુ માટે નિગમ ધ્વારા આપવામાં આવતા પાણી માટેની નિગમની હાલની પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂર છે. આથી નિગમ ધ્વારા આપવામાં આવતા ઔધોગિક અને વાણિજયક હેતુ માટે પાણી આપવાની પધ્ધતિ અંગે નીચે મુજબના નિર્ણયો કરવામાં આવેલ છે.

(૧) જે કોઈ ઉધોગ અગર ઔધોગિક એકમ પાણી માટે નિગમમાં દરખાસ્ત કરે તો દૈનિક દર લાખ લીટર માટે રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ડીપોઝીટ લેવાની રહેશે તદુપરાંત પ્રતિ દરખાસ્ત પ્રોસેસીસ ફી રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) લેવાની રહેશે.

(૨) ઔધોગિક એકમે અગર ઉધોગે ઔધોગિક હેતુસર પાણી મેળવવા માટેની અરજી મુ.ઈ.શ્રી.ની કક્ષાએ કરવાની રહેશે અને તે જ દિવસે મુ.ઈ.શ્રી.એ નિગમમાં જાણ કરવાની રહેશે.

(૩) સ્થાનિક ડીસ્ટ્રીબ્યુટરી / સબ બ્રાંચ કેનાલમાંથી પાણી લેવાનું રહેશે જે અંગે એચ.આર./સી.આર.બનાવવા માટે સ્ટાન્ડર્ડ ખર્ચ કેટલો થશે તે અગાઉથી નક્કી કરવાનું રહેશે.

(૪) દિન--૧૫ માં અરજદારને પાણી મળી શકે કે કેમ તેની જાણ કરવાની રહેશે.

(૫) મુખ્ય ઈજનેરશ્રીને દરખાસ્ત મળે તે દિવસે નામજોગ કોઈ મદદ.ઈજનેરને આપે અગર કોઈ મોટું કામ થાય તો ના.કા.ઈ.શ્રી.ને બોલાવી તેની કેપેસીટી જોઈ દરખાસ્ત કરવાની રહેશે જેથી ૧૫ દિવસમાં આ કામ પુરુ થઈ શકે.

(૬) હાલ એન્જીનીયર તરફથી કોન્ટ્રાકટ જાતે કરવા માટે અગર ખાતા મારફત કરવા માટે ઈચ્છા રાખવામાં આવે છે તે બદલી નિગમના સુપરવીઝન, ડીઝાઈન પ્રમાણે ઔધોગિક એકમ ધ્વારા કોન્ટ્રાકટ તરીકે કામ કરવાનું રહેશે. જેથી ટેન્ડર બહાર પાડવાનો ખર્ચ કેટલો થશે તેનો કોઈ પ્રશ્ન રહેતો નથી. ઔધોગિક એકમ તરફથી જે કોન્ટ્રાકટ નિયુકત કરવામાં આવશે તે યોગ્ય

કક્ષાના છે કે કેમ તે સંબંધિત ઈજનેરશ્રી દ્વારા ચકાસવાનું રહે છે જેથી કામની ગુણવત્તા જાળવી શકાય.

(૭) ઔદ્યોગિક એકમ ચાર મહિનાની અંદર તેમજ મોટું કામ હોય તો છ માસમાં અગર કામનો પ્રકાર તેમજ કામનો જથ્થો વિગેરે ધ્યાને લઈ કામ પુરુ કરવા માટેનો ઓછામાં ઓછો સમયગાળો મુખ્ય ઈજનેરશ્રી નક્કી કરે તે સમયગાળામાં પાણી લેવાનું ચાલુ ન કરે તો એગ્રીમેન્ટ આપોઆપ રદ થશે અને ડીપોઝીટની ૫૦% રકમ પરત કરવામાં આવશે.

(૮) ઔદ્યોગિક એકમ દ્વારા કોઈ મોટું કામ કરવાનું રહે તો પાણી રીઝર્વ રાખવા માટે છ માસ સુધી અગર જરૂર પડે એક વર્ષ સુધી ૪૦ ટકા પાણીના દર પ્રમાણે રીઝર્વેશન રાખી શકાશે

(૯) ઔદ્યોગિક એકમને પોતાનું બધુ કામ પુરૂ કરવા માટે ત્રણ માસનો સમય આપવાનો રહે છે. ત્યાર પછીથી પાણીના દર આપોઆપ ચાલુ રહેશે.

(૧૦) નિગમ આ અંગે ઔદ્યોગિક એકમને પંદર દિવસની અંદર પાણી આપવાની ઈચ્છા પ્રગટ ના કરે તો ડીપોઝીટ પરત આપશે અને ૫૦ ટકા પ્રોસેસીંગ ફી ગણી રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર) પણ પરત આપવાની રહેશે.

આ ઠરાવ નિગમની ફાઈલ ક્રમાંકઃસસનનિલિ/ડબલ્યુએમસી/૧૧૦૨/૧ [illegible] ૨ ઉપર સક્ષમ કક્ષાએથી મેળવેલ મંજુરી અને સુચનાનુસાર બહાર પાડેલ છે.

(જે. એન. પટેલ)
જનરલ મેનેજર(નહેરો)
સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.

નકલ સાદર રવાના પ્રતિ :-

- માન. અધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીના અંગત સચિવશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- સંયુકત વહીવટી સંચાલકશ્રીના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- સંચાલકશ્રી(નાણાં)ના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- સંચાલકશ્રી(નહેરો)ના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- સંચાલકશ્રી(સીવીલ)ના અંગત મદદનીશશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- મુખ્ય જનરલ મેનેજરશ્રી(હિસાબ), સ.સ.ન.લિ, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી(નવાગામ ડેમ/નહેરો-૧/નહેરો-૩/નહેરો-૪/સૌ.શાં.કે/ક.શાં.કે), સ.સ.ન.નિ.લિ, કેવડીયા કોલોની, વડોદરા, ગાંધીનગર, પાટણ, રાજકોટ, મહેસાણા.
- મુખ્ય ઈજનેરશ્રી(ગુ.નિ.અને ડીઝાઈન)સસનનિલિ, ગાંધીનગર.
- જનરલ મેનેજરશ્રી(નહેરો), સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- જનરલ મેનેજરશ્રી(નર્મદા), સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- ભારી.જનરલ મેનેજરશ્રી(સર્વે), સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
- નાયબ જનરલ મેનેજરશ્રી(સર્વે), સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.